

**રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીના ઉપપ્રમુખશ્રી પાર્થભાઈ ગણાત્રા દ્વારા CGST અમદાવાદ ખાતે ગ્રીવન્સ રીડ્રેશલ કમિટિની મળેલ મિટીંગમાં ઉપસ્થિત રહી GST સલંગ્ન વિવિધ પ્રશ્નો તથા સુચનો રજુ કરવામાં આવેલ...**

# રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીના ઉપપ્રમુખશ્રી પાર્થભાઈ ગણાત્રા દ્વારા CGST અમદાવાદ ખાતે ગ્રીવન્સ રીડ્રેશલ કમિટિની મળેલ મિટીંગમાં ઉપસ્થિત રહી GST સલંગ્ન વિવિધ પ્રશ્નો તથા સુચનો રજુ કરવામાં આવેલ...

CGST અમદાવાદ ખાતે ગ્રીવન્સ રીડ્રેશલ કમિટિની મળેલ મિટીંમાં રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીના ઉપપ્રમુખશ્રી પાર્થભાઈ ગણાત્રા ઉપસ્થિત રહી CGST ના પ્રીન્સીપાલ ચીફ કમિશ્નરશ્રીમતી શિવા કુમારી મેડમ સમક્ષ GST સલંગ્ન વિવિધ પ્રશ્નો તથા સુચનો રજુ કરેલ.

(૧) કેન્દ્ર સરકાર દ્વારા ગુજરાના ત્રણ શહેરો અમદાવાદ, સુરત અને રાજકોટ માટે બે જીએસટી એપેલેટ ટ્રીબ્યુનલ બેન્ચ ફાળવેલ છે. પરંતુ રાજકોટ સૌરાષ્ટ્રનું હબ હોય તેમજ વિશાળ વેપારી વર્ગાને ધ્યાનમાં રાખી રાજકોટ માટે કાયમી એક જીએસટી એપેલેટ ટ્રીબ્યુનલ બેન્ચ ફાળવવી.
(૨) કરદાતાઓ દ્વારા GST રીટર્ન ફાઈલ કરતી વખતે કોઈપણ ભુલ થયેલ હોય તો તેને સુધારવા માટે ONE TIME AMNESTY SCHEME અમલમાં મુકવી.
(૩) GST માં અપીલ ફાઈલ કરતા પહેલા ઉધોગકારોને ૩૦% જેટલી પ્રિ-ડીપોઝીટ ભરવાપાત્ર થાય છે. જે ખુબ જ અસહ્ય છે. તેથી આવી રકમ ૧૦% થી ૧૫% સુધી કરી રાહત આપવી ખાસ જરૂરી છે.
(૪) GIDC માં પ્લોટ ટ્રાન્સફર કરતી વખતે જે GST લગાડવામાં આવે છે તેમાંથી તાત્કાલીક મુકિત આપવી.
(૫) બોગસ બિલીંગ કૌભાંડ આચરનાર ગુન્હાહિત ટેક્ષપેયર્સને કાયદાકીય સજા અને પેનલ્ટી કરવામાં ચેમ્બર હંમેશા સહભાગી બને છે. તેમ છતાં સાચા અને પ્રમાણીક કરદાતાઓને ખોટી હેરાનગતી અને નુકશાની ભોગવવી ન પડે તેનું ખાસ ધ્યાન રાખવું જરૂરી છે.
(૬) ફિટમેન્ટ કમિટિમાં SGST ની સાથે CGST ની ટીમને પણ સામેલ કરવી. જેથી કરીને GST અંતર્ગત ઉદભવતા પ્રશ્નોનું ત્વરીત નિરાકરણ લાવી શકાય. આમ રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીના ઉપપ્રમુખશ્રી પાર્થભાઈ ગણાત્રા દ્વારા રજુ કરવામાં આવેલ પ્રશ્નો-સુચનો અંગે CGST ના પ્રીન્સીપાલ ચીફ કમિશ્નરશ્રીમતી શિવા કુમારી મેડમએ હકારાત્મક અભિગમ દાખવી યોગ્ય નિરાકરણ લાવવા ખાત્રી આપેલ છે. તેમ રાજકોટ ચેમ્બરની અખબારી યાદીમાં જણાવેલ છે.